335

કામ નંબર :- ૬

મુસદારુપ નગર રચના યોજના નં-૮, પાલનપોર, સુડા તથા મુસદારુપ નગર રચના યોજના નં-૯, પાલનપોર-ભેંસાણ, સુડા, સુરત અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૭ હેઠળ આવેલ વાંધાઓની વિચારણા કરી સદરહું મુસદારુપ નગર રચના યોજનાઓ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) મુજબ સરકારશ્રીને જરુરી વિગતોસહ મંજુરીઅર્થે સાદર કરવા બાબત.

ઠરાવ નંબર :- ૨૦૪૦

ઉકત એજન્ડાનાં કામ નં-૬ ની વિગતોએ અનુક્રમે ડ્રાફટ ટી.પી. સ્કીમ નં-૮, પાલનપોર તથા ડ્રાફટ ટી.પી.સ્કીમ નં-૯, પાલનપોર-ભેંસાણને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઇઓ અનવ્યે પ્રસિધ્ધ કરતા અને આ યોજનાઓથી અસર પામતી વ્યકિતઓ તરફથી સમયમર્યાદામાં ટી.પી.સ્કીમનં-૮ નાં કુલ-૧૮ વાંધાઓ મળેલ, જે અન્વયેના વિવરણ પત્રક મુજબનાં અનુક્રમ નં-૧, ૩ અને ૯ ની વિગતોનાં વાંધાઓ લક્ષે લઇ આંશિક ગ્રાહય રાખવા પાત્ર જણાતા હોઇ, જે ગ્રાહય રાખીને અન્ય વાંધાઓ અગ્રાહય રાખવામાં આવેલ, તેમજ ટી.પી. સ્કીમ નં-૯ માં કુલ-૯ વાંધાઓ મળેલ જે અન્વયેનાં વિવરણ પત્રક મુજબનાં અનુક્રમ નંબર- ૧ અને ૪ ની વિગતોનાં વાંધાઓ આંશિક ગ્રાહય રાખવાપાત્ર જણાતા હોઇ, ગ્રાહય રાખીને અન્ય વાંધાઓ અગ્રાહય રાખવામાં આવેલ અને તદ્દઅનુસારનાં ફેરફારો રીકોન્સ્ટીટ્યુશન પ્લાનમાં કરવાનું સર્વાનુમતે ઠરાવ્યું અને સદર સ્કીમો સરકારશ્રીને પાઠવવાની તથા તે અંગેની આગળની કાર્યવાહી કરવાની મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સત્તા આપવામાં આવી.

(અમલ: ટેકનીકલ શાખા)